| દાખલ તારીખ | ૨૩/૦૧/૨૬ | |
|---|---|---|
| નોંધણી તારીખ | ૨૩/૦૧/૨૬ | |
| નિકાલ તારીખ | ૦૮/૦૪/૨૬ | |
| અવધિ | વર્ષ | મ | દી |
| | ૦ | ૨ | ૧૬ |

# ખેડા જીલ્લાના મહે. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ
# જજ સાહેબ સમક્ષ, મું.નડીઆદ.

ફોજદારી પરચુરણ અરજી નં. ૭૩/૨૦૨૬

આંક :

**અરજદાર** :- ગુજરાત સરકાર વતી

પબ્લીક પ્રોસીકયુટર, નડીઆદ.

**વિરૂધ્ધ**

સેશન્સ કેસ નં. ૧૩૮/૨૦૨૫ ના આરોપીઓ

**સામાવાળા** :-
૧. ગીરીશભાઈ કાંતિભાઈ મહેરા
૨. કાવ્યકુમાર ભદ્રેશભાઈ મહેરા
૩. ભદ્રેશભાઈ કાંતિભાઈ મહેરા
૪. કનુભાઈ રયજીભાઈ મહેરા

રહે. તમામ ગળતેશ્વર, જી.ખેડા.

સેવાલીયા કોર્ટના ફોજદારી કેસ નં. ૨૨૧/૨૦૨૫ ના આરોપીઓ

૫. રંગીતભાઈ ઉર્ફે લાલાભાઈ મંગળભાઈ મહેરા (ભોઈ)
૬. જીગ્નેશકુમાર રંગીતભાઈ ઉર્ફે લાલાભાઈ મંગળભાઈ મહેરા (ભોઈ)
૭. હીતેશભાઈ ચંદુભાઈ મહેરા (ભોઈ)
૮. દિનેશભાઈ પ્રવિણભાઈ મહેરા ( ભોઈ)

**બી.એન.એસ.એસ. કલમ-૪૪૮ મુજબ ટ્રાન્સફર અરજી**
**( ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૦૮ )**

| |
|---|
| અરજદાર તરફે વિ.પી.પી.શ્રી પી.આર.તિવારી |
| સામાવાળા નં. ૧ થી ૪ તરફે વિ.વ. પી.કે.પટેલ |
| સામાવાળા નં.૫ થી ૮ તરફે વિ.વ.શ્રી સી.કે.ભોઈ |

## -:: ચુ કા દો ::-

(૧) આ કામે અરજદાર ધ્વારા હાલની આ અરજી બી.એન.એસ.એસ. કલમ- ૪૪૮ (ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૦૮) અન્વયે કેસ ટ્રાન્સફર કરવા માટે કરેલ છે.

(૨) અરજી અન્વયે સામાવાળાઓને નોટીસ કરતા સામાવાળા નં. ૧ થી ૪ તરફે વિ. વ. શ્રી પી.કે.પટેલ અને સામાવાળા નં. ૫ થી ૮ તરફે વિ.વ.શ્રી સી.કે.ભોઈ હાજર થયેલ છે અને કેસ ટ્રાન્સફર કરવામાં આવે તો વાંધો નથી તેવો આંક-૧ લગત શેરો કરેલ છે.

(૩) મુખ્યત્વે અરજીની હકીકત એવી છે કે, આ કામના સામાવાળાઓ સામે સામસામી ફરીયાદ દાખલ થયેલ જેમાં આ કામના સામાવાળા નં. ૬ નાઓએ સેવાલીયા પો.સ્ટે. ફ. ગુ. રજી.નં. ૧૧૨૦૪૦૬૭૨૪૦૪૧૬/૨૦૨૪ થી બી.એન.એસ. કલમ- ૩(૫) , ૧૦૯, ૧૧૭(૨) વિગેરે મુજબની નોંધાવેલી અને તેને સેશન્સ કેસ નં. ૧૩૮/૨૦૨૫ થી નોંધવામાં આવેલ અને તે હાલ નડીઆદના મુખ્ય સેશન્સ જજશ્રીની અદાલતમાં પેન્ડીંગ છે. ઉપરાંત સદર બનાવના કામે આ કામના સામાવાળા નં. ૨ નાઓને પણ ઈજા થયેલી હોઈ સેવાલીયા પો.સ્ટે. ફ. ગુ. રજી. નં.૧૧૨૦૪૦૬૭૨૪૦૪૧૮/૨૦૨૪ થી નોંધાવેલી અને તેને સેવાલીયાના વિધ્વાન જ્યુડી. મેજી.ફ.ક.શ્રીની અદાલતમાં

ફોજદારી કેસ નં. ૨૨૧/૨૦૨૫ થી નોંધવામાં આવેલ. ઉપરોકત બન્ને કેસો એક જ સમયે અને એક જ બનાવના અનુસંધાને બનેલા હોઈ તેમજ બન્ને એકબીજાના ક્રોસ કેસો હોઈ કોઈ એક અદાલતમાં ચાલે તો ન્યાયનુ હીત જળવાઈ તેમ હોય જેથી કેસ ટ્રાન્સફર કરવા હાલની અરજી કરેલ છે.

(૪) સાંભળ્યા.

(૫) અરજદારની અરજી અને અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા. મુખ્યત્વે અરજીની હકીકત ઉપર જણાવ્યા મુજબની છે. સેશન્સ કેસ નં ૧૩૮/૨૦૨૫ જે હાલ નડીઆદના પ્રિસીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની અદાલતમાં પેન્ડીંગ છે. જયારે સદર સેશન્સ કેસનો ક્રોસ કેસ નં. ૨૨૧/૨૦૨૫ વાળો સેવાલીયાના વિધ્વાન જયુડી. મેજી.ફ.ક.શ્રીની અદાલતમાં પેન્ડીંગ છે. વધુમાં અરજી સાથે રજુ થયેલ બનાવવાળી જગ્યાનું પંચનામુ ધ્યાને લેતા ઉપરોકત બન્ને કેસો એકબીજાના ક્રોસ કેસો હોવાનું જણાય આવતુ હોય અને તેમજ એક જ સમયે અને સ્થળે બનેલ હોઈ બન્ને કેસો કોઈ એક અદાલતમાં ચાલે તો સમયનો વ્યય થતો અટકે અને ટ્રાયલ ચલાવવામાં સરળતા રહે તેમ હોઈ તે તમામ બાબતો ધ્યાને લઈ બન્ને કેસો કોઈ એક અદાલતમાં ચાલે તો ન્યાયનું હીત જળવાશે તેમ માની સેવાલીયાના વિધ્વાન જયુડી. મેજી.ફ.ક.શ્રીની અદાલતમાં ચાલતા ફોજદારી કેસ નં. ૨૨૧/૨૦૨૫ વાળો નડીઆદના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાશે તેમ માની ન્યાયના હીતમાં

નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) ફોજદારી પરચુરણ અરજી નંબર ૭૩/૨૦૨૬ (ટ્રાન્સફર અરજી) આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) ફોજદારી કેસ નં. ૨૨૧/૨૦૨૫ કે જે સેવાલીયાના વિધ્વાન જયુડી. મેજી.ફ. ક.શ્રીની અદાલતમાં પેન્ડીંગ છે તે ફોજદારી કેસ નડીઆદના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની અદાલતમાં સેશન્સ કમીટ કરી ટ્રાન્સફર કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. જેથી ઉપરોકત ટ્રાન્સફર કરેલ ફોજદારી કેસ નં. ૨૨૧/૨૦૨૫ નો તે અદાલતમાં પેન્ડીંગ સેશન્સ કેસ નં. ૧૩૮/૨૦૨૫ ની સાથે ચાલી શકે.

(૩) સદર હુકમની યાદી સંબંધીત અદાલતને કરવી.

(૪) કોમ્પ્યુટરમાં ટ્રાન્સફર અરજી સંબંધે જરૂરી નોંધ કરવી.

હુકમ આજ તા. ૦૮મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૪/૨૦૨૬

(પરવીન કુમાર)
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ
ખેડા એટ નડીઆદ.
(જી જે-૦૧૫૧૧)

રોહન દવે
ગુજરાતી સ્ટેનોગ્રાફર-૧